હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

જુઓ આપણા નેતાએ પણ પ્રચાર દરમિયાન ગાંઠીયા ફાફડા ખાધા હતા... તમે હવે હોટલનું બીલ માંગશો નહીં... શું સમજ્યા...!!

ઉવારસદ સ્થિત બી.એસ. પટેલ હાઈસ્કૂલ ખાતે બાળકોના અધિકારો વિશે શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર કાનૂની સેવા સત્તામંડળ તથા યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ ઉવારસદના સંયુક્ત ઉપક્રમે કાનૂની સહાય દિનની ઉજવણીના ભાગરૂપે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન બી.એસ. પટેલ હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવ્યું હતું. આ શિબિરમાં શાળાના ૨૧૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ શિબિરમાં ગાંધીનગર કાનૂની સેવા સત્તામંડળના પેરાલીગલ વોલન્ટીયર અશેષ ભંડારી, માર્કંડ ત્રિવેદી, લૉ કોલેજના વિદ્યાર્થીઓ, શાળાના આચાર્ય, શિક્ષકગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શિબિરના મુખ્ય વક્તા તરીકે માર્કંડ ત્રિવેદીએ ખૂબ સફળ ભાષામાં કાયદાકીય બાબતો વિશે સમજ આપી હતી. શિબિરમાં બાળકોના અધિકારોમાં સ્વતંત્રતાનો અધિકાર, વાણી સ્વાતંત્ર્ય અધિકાર, શિક્ષણનો અધિકાર શોષણ વિરોધી હક્ક તેમજ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ વિશે સમજ આપી હતી.

ટાઉનહોલ ખાતે શક્તિકેન્દ્રોના સંવાહકો સાથે અમિત શાહનો સંવાદ

સંગઠનાત્મક પ્રચારના અંતિમ દિવસેય કાર્યકરોમાં નવો ઉત્સાહ ઉમેર્યો : ૩/૪થી વધુ બેઠક જીતવા આહવાન કર્યું

ગાંધીનગર,તા.૧૨

ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનન આજે પૂર્ણાહૂતિ થઇ હતી. સાતમી નવેમ્બરે આની શરૂઆત થયા બાદ આજે રવિવારે તેનીપૂર્ણાહૂતિ થઈ હતી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે વિધાનસભા ચૂંટણી પૂર્વે સંગઠનાત્મક પ્રચારના અંતિમ દિવસે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને, ડિસા, અમદાવાદ જિલ્લા, ગાંધીનગર શહેર, ગાંધીનગર જિલ્લા, મહેસાણા જિલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને ટાઉનહોલ ગાંધીનગર ખાતે આજે માર્ગદર્શન આપ્યું હતું. શાહે કાર્યકરોમાં જોશ અને ઉત્સાહનો સંચાર કરતા કહ્યું હતું કે, મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે છેલ્લા સાડા ત્રણ વર્ષના ગાળામાં એક પણ એવું કામ કર્યું નથી જેના કારણે ભાજપના કાર્યકરો તરીકે આપણને માથુ નીચું કરવું પડે. ભાજપની આજે ૧૮ રાજ્યોમાં સરકારો છે. ૧૧ કરોડ સભ્યો સાથેની વિશ્વની સૌથી મોટી પાર્ટી છે. મોદીની પ્રજાલક્ષી અને ગરીબલક્ષી યોજનાઓને સમગ્ર વિશ્વમાં આવકાર મળી રહ્યો છે. ભ્રષ્ટાચાર અને કાળા નાણા ઉપર કડક નિયંત્રણો લઇને દેશને ઇમાનદારી તરફ વાળી આગળ વધી રહ્યા છે. ગુજરાતની પ્રજાનો પ્રેમ અને વિશ્વાસ સતત આપણી સાથે રહ્યો છે.

રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નેતૃત્વમાં ભાજપ સરકારે વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ આગળ વધારીને ગુજરાતના વિકાસને આગળ વધારવાના પ્રયાસ કર્યા છે. ગુજરાતમાં ત્રણ ૩/૪ બહુમતિ સાથે જીત મેળવવા શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને અમિત શાહે હાકલ કરી હતી. અમિત શાહે ૭મી નવેમ્બરના દિવસે મહાસંપર્ક અભિયાનની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ તમામ રાષ્ટ્રીય નેતાઓ આમા જોડાયા હતા.

શહેરના ૫૦ યુવાનોએ કેસરિયો ધારણ કર્યો

સે. ૨૩માં ધારાસભ્ય તથા કોર્પોરેટર્સની ઉપસ્થિતિમાં ૫૦ યુવાનો ભાજપમાં જોડાયા : ગુજરાત સરકારના વિકાસ મોડેલમાં યુવાનોએ વિશ્વાસ વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં વિધાનસભાની ચૂંટણીઓનો માહોલ જામવા લાગ્યો છે અને રાજકિય પક્ષો દ્વારા પ્રચારની પ્રક્રિયાને વેગ આપવામાં આવી રહ્યો છે. આ સાથે દરેક રાજકિય પાર્ટી પોતાના સમર્થનમાં ટેકેદારોની સંખ્યા વધારવા કમર કસતી જોવા મળી રહી છે. આજે સાંજે ગાંધીનગરના સેક્ટર-૨૩માં વિરાટનગર સોસાયટીના બગીચામાં યોજાયેલા એક કાર્યક્રમમાં આ વિસ્તારના ૫૦ યુવાનોએ એક સાથે કેસરિયો ખેસ ધારણ કરી ભાજપમાં જોડાવા સાથે ભારતીય જનતા પાર્ટીના વિકાસ મોડેલમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

સે. ૨૩માં ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત આ સમારંભમાં શહેરના ૫૦ નવ યુવાનોએ ભાજપમાં જોડાવાનો નિર્ધાર કરતા ગાંધીનગર ઉત્તર બેઠકના ધારાસભ્ય અશોકભાઈ પટેલે તેમને કેસરિયો ખેસ પહેરાવી આવકાર્યા હતા. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર્સ નીલાબેન શુકલ, ધીરૂભાઈ ડોડિયા, પ્રવિણાબેન દરજી ઉપરાંત શહેર યુવા ભાજપ પ્રમુખ જિગ્નેશ પટેલ સહિત ભાજપના અગ્રણીઓ પંકજ શુકલ, નીતિન પટેલ, કેતન પટેલ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ યુવાનોએ ભાજપમાં પ્રવેશવાના સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આદર્શો અને ગુજરાતમાં ભાજપ સરકારના વિકાસ મોડેલમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો તથા આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપના ભવ્ય વિજય માટે કાર્ય કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી. આ યુવાનોને ભાજપ માટે પ્રોત્સાહિત કરવા સહિત સમગ્ર કાર્યક્રમના આયોજનની જહેમત સે. ૨૩ના ભાજપ અગ્રણી પંકજ શુકલ સહિતના કાર્યકર્તાઓએ સુપેરે ઉપાડી હતી.

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની બેઠકમાં પાયાના પ્રશ્નો ઉકેલવા રણનીતિ ઘડાઈ

આગામી દિવસોમાં સ્વચ્છતા અભિયાન તથા મતદાતા જાગૃતિ અભિયાન હાથ ધરવાનું નક્કી કરાયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે નવ વિકસિત સોસાયટીઓના પ્રતિનિધિઓથી બનેલી વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની એક બેઠક ગઈ કાલે રાત્રે ૯.૩૦ કલાકે વિજય એપાર્ટમેન્ટના નવરાત્રિ ચોક ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં વાવોલના સોસાયટી વિસ્તારમાં પાયાની સુવિધાઓ અંગેના પ્રાણ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે બેઠકમાં આગામી દિવસોમાં સ્વચ્છતા અભિયાન અને મતદાતા જાગૃતિ અભિયાન હાથ ધરવા અંગે પણ વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં મુખ્યત્વે ગટર, લાઈટ, પાણી અને રોડ રસ્તા અંગેના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની નૂતન વર્ષે મળેલી પ્રથમ બેઠકમાં તમામ પ્રતિનિધિઓએ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી બેઠકનો પ્રારંભ કર્યો હતો. આગામી દિવસોમાં વાવોલના સોસાયટી વિસ્તારની પાયાની સુવિધાઓ અંગેના પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે લાવવું તે અંગે બેઠકમાં ચર્ચા વિચારણા કરી રણનીતિ ઘડી કાઢવામાં આવી હતી. આ સાથે કેટલાક વિસ્તારમાં રહેલી અસ્વચ્છતાની સમસ્યાના ઉકેલ માટે આગામી રવિવારે સવારે સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનો નિર્ણય કરાયો હતો. આ સાથે બેઠકમાં આગામી વિધાનસભાની ચુંટણીઓને અનુલક્ષીને સોસાયટી વિસ્તારમાંથી સો ટકા મતદાન થાય તે અંગે મતદાતા જાગૃતિ અભિયાનનું આયોજન કરવાનું પણ નક્કી કરાયું હતું. આ બેઠકમાં વાવોલની મોટાભાગની સોસાયટીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

જન અધિકારના નેતા પ્રવીણ રામે રાહુલ સાથે બેઠક યોજી

ફિક્સ પગારના કર્મચારીઓ, ખેડૂતો, આંગણવાડી અને આશાવર્કર બહેનો સહિતના કર્મચારીઓ માટે સરકાર સામે જબરદસ્ત લડત અને આંદોલન ચલાવનાર જન અધિકાર મંચના યુવા નેતા પ્રવીણ રામે આજે મોડી સાંજે રાહુલ ગાંધી સાથે મુલાકાત બેઠક યોજી હતી. જેને પગલે ગુજરાત રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવી ગયો હતો. અલ્પેશ ઠાકોર, જીગ્નેશ મેવાણી બાદ હવે પ્રવીણ રામે પણ કોંગ્રેસ સાથે બેઠક યોજવા માટે બેસતા ભાજપની ચિંતા વધી ગઇ છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જીતવા માટે એડી ચોટીનું જોર લગાવવા સાથે જાણે બધી જ તાકાત લગાવી દીધી છે અને ચૂંટણી વ્યૂહરચનાના ભાગરૂપે અનેક નિર્ણયો અને તડજોડ થઇ રહ્યા છે. જેમાં ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરને કોંગ્રેસમાં ખેંચી લેવામાં તો કોંગ્રેસને સફળતા મળી ગઇ છે. એ પછી તાજેતરમાં જ રાહુલ ગાંધીની દલિત નેતા જીગ્નેશ મેવાણી સાથે પણ બેઠક યોજી કોંગ્રેસ તરફી પલ્લું ભારે કરવામાં સફળતા મેળવાઇ અને હવે જન અધિકાર મંચના યુવા નેતા પ્રવીણ રામને પોતાની છાવણીમાં બેસાડવાના પ્રયાસો કોંગ્રેસે હાથ ધર્યા છે. જેના ભાગરૂપે કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ ગુજરાતમાં ફિક્સ પગારના કર્મચારીઓ, ખેડૂતો, આંગણવાડી અને આશાવર્કર બહેનો સહિતના કર્મચારીઓ માટે સરકાર સામે જબરદસ્ત લડત અને આંદોલન ચલાવનાર જન અધિકાર મંચના યુવા નેતા પ્રવીણ રામની રાહુલ ગાંધી સાથે બેઠક યોજવાનું આયોજન કર્યું હતું.

ગાંધીનગર તાલુકાના પાંચ ગામોમાંથી રેસીડેન્શિયલ ઝોન રાતોરાત ગાયબ : હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના પાંચ ગામોમાંથી રેસીડેન્શિયલ ઝોન રદ કરી એગ્રીકલ્ચર ઝોન જાહેર કરનાર ભાજપ સરકાર તેમનાં મળતીયાં બિલ્ડર્સોને ચૂંટણીલક્ષી લાભાલાભ કરી આપી ખેડૂતોનું ભારે આર્થિક અહિત કરી રહી હોવા અંગે ઉગ્ર રોષ વ્યક્ત કરતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, લેકાવાડા-ચિલોડા વિસ્તારના અડધો ડઝન ઉપરાંત ગામડાંઓમાં જીઈબી મારફતે વીજચોરી અંગે રેડ કરાવી ભાજપ સરકારે ખેડૂતો સાથે ગુનેગારો જેવો કરેલો વ્યવહાર કમનસીબ અને દુ:ખદ છે.

કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, અમદાવાદને અડીને આવેલાં ગાંધીનગરનાં હરણફાળ વિકાસ માટે ભાજપ સરકારે ક્યારેય રાજકીય ઈચ્છા શક્તિ દર્શાવી નથી. અનેક ટીપી સ્કીમોમાં ગેરરીતીઓ કરવા સાથે મળતીયાં બિલ્ડર્સો અને ભાજપનાં નેતાઓનાં લાભ માટે મનફાવે તે રીતે ઝોન-સ્કીમ ફાળવીને વ્યાપક ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો છે. જેમાં વલાદ અને તેની આસપાસનાં પાંચ ગામોમાં અગાઉ રેસીડેન્શિયલ ઝોન જાહેર કરાયો હતો. પરંતુ આ પછી રાતોરાત આ પાંચ ગામોનાં આર-ઝોનને રદ કરી એગ્રીકલ્ચર ઝોન જાહેર કરી દેવાયો છે. ભાજપ સરકાર તેમજ ઔડા-ગુડાએ આ ફેરફાર કોના લાભ માટે કરાયો તેમજ કોને કોને શું ફાયદો થયો તેની વિગતો જાહેર કરવી જોઈએ.

આ ઉપરાંત તાજેતરમાં જ લેકાવાડા, આલમપુર, ચિલોડા, પાલજ, શિહોલી જેવાં ગામોમાં જીઈબી દ્વારા વિજ ચોરી અંગે રેડ કરવામાં આવી હતી. ખેડૂતોને ૮ કલાક પણ નિયમિત વિજળી નહી આપી શકતી ભાજપ સરકારના આ અધિકારીઓ દ્વારા ખેડૂતોને દંડ સાથે હજારો રૂપિયાનાં બિલ ફટકારી દેવામાં આવ્યાં હતાં. જેમાં ખેડૂતો ગુનેગારો હોય તેવો ભાજપ સરકાર દ્વારા કરાતો વ્યવહાર દુર્ભાગ્યપૂર્ણ છે. એ જ રીતે, લેકાવાડામાં ચાકરીયાત પ્રકારની જમીન સી.આર.પી.એફ.માં આપવામાં આવેલી છે. આ જમીનનાં ખેડૂતો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં ભાજપ સરકાર વળતર અંગે જવાબ પણ આપતી નથી ત્યારે ચૂંટણીમાં ભાજપને આ ખેડૂતો જોરદાર જવાબ આપશે.

અમરજીતસિંઘ નવેમ્બર, જોષી ડિસેમ્બરમાં અને અઢિયા સહિત ૯ IAS ૨૦૧૮માં નિવૃત્ત

કોંગ્રેસના લિડર્સ ફર્સ્ટ ટાઇમ મુસ્લિમથી દૂર, હવે મંદિરોમાં પ્રાર્થના કરી રહ્યાં છે

બ્યુરોક્રેસીમાં હૈદરની ડ્યુટીની ચર્ચા, મંત્રીઓને શરમાવે તેવું કામ કરી રહ્યાં છે

ગુજરાત સરકારને હવે ઉદ્યોગની સાથે ફાયનાન્સ સેક્રેટરીની પોસ્ટ ભરવી પડશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના સરકારના બે સિનિયર આઇએએસ ઓફિસરો વર્ષના અંતે નિવૃત્ત થાય છે. આ ઓફિસરોમાં હાલ દિલ્હીમાં ડેપ્યુટેશન પર ગયેલા ડો. અમરજીતસિંઘ નવેમ્બરના અંતે વયનિવૃત્ત થાય છે જ્યારે ગુજરાત કેડરના બીજા અધિકારી ડી.પી.જોશી પણ ડિસેમ્બરના અંતે નિવૃત્ત થાય છે. ગુજરાત સરકારમાં સિનિયર ઓફિસરોની અછત સર્જાઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં એક મોટો ફાલ નિવૃત્ત થયો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પછી નિવૃત્ત થનારા આઈએસએસ ઓફિસરોમાં હાલના ફાયનાન્સ સેક્રેટરી હસમુખ અઢિયા મુખ્ય છે. તેઓ નવેમ્બર ૨૦૧૮ના રોજ વય નિવૃત્ત થઈ રહ્યાં છે. રિટા તેવટીયા પણ જુલાઈ ૨૦૧૮માં નિવૃત્ત થાય છે. એ ઉપરાંત હાલના હોમ સુપ્રિમો એમ.એસ.ડાંગુર પણ જુલાઈમાં વયનિવૃત્ત થાય છે. બીજા નિવૃત્ત થનારા અધિકારીઓમાં એસ.બી.રાવલ અને કે.બી.ઉપાધ્યાય મે મહિનામાં, કે.ડી.ચંદનાની અને એચ.આર.સુથાર ફેબ્રુઆરીમાં, એન.એન.પુજારા જાન્યુઆરીમાં અને આર.જી.ભાલેરા જૂન મહિનામાં વયનિવૃત્ત થાય છે. નવી સરકારમાં પણ નિવૃત્તિની મોસમ આવી રહી છે. આ સાથે ગુજરાત સરકારમાં ફરજ બજાવતા બીજા ગુજરાતના અધિકારીઓ તેમજ કર્મચારીઓની નિવૃત્તિનો આંકડો ૧૭ હજાર જેટલો થવા જાય છે.

રાહુલના હિન્દુત્વ પરિવર્તનથી ભાજપમાં ભય...

ગુજરાતમાં સરકારનું થાય કે ન થાય પરંતુ રાહુલ ગાંધીના પરિવર્તનથી ભાજપને ડર લાગવાનું શરૂ થયું છે કારણ કે રાહુલ ગાંધીએ ગુજરાતમાં જ્યાં જ્યાં પ્રવાસ કર્યો છે ત્યાં ત્યાં તેઓ કોઈને કોઈ પ્રખ્યાત મંદિરની મુલાકાત લેવાનું ચૂક્યા નથી. રાહુલના હિન્દુત્વથી શિવસેના ખુશ છે પરંતુ ભાજપના નેતાઓના પગ નીચેથી જમીન સરકતી નજર આવી રહી છે. ભાજપના નેતાઓએ જ્યારે એવો પ્રશ્ન કર્યો કે રાહુલ ગાંધી હિન્દુ મંદિરોમાં કેમ જાય છે ત્યારે પ્રતિકારમાં કોંગ્રેસના સિનિયર નેતાની ટીપ્પણી એવી હતી કે- ભાજપ જેમ હિન્દુ છે તેમ કોંગ્રેસ પણ હિન્દુ છે. કોંગ્રેસના નેતાઓનો જન્મ હિન્દુ પરિવારમાં થયો છે અને તેઓ હિન્દુ છે. હિન્દુત્વ એ ભાજપનો અધિકાર નથી. કોંગ્રેસે પ્રથમવાર મુસ્લિમ સમાજથી દૂર રહેવાનો પ્રયાસ કર્યો છે અને આમ કરવાનું મુખ્ય કારણ એ છે કે કોંગ્રેસ મુસ્લિમોને સાથ આપતી હતી પરંતુ મુસ્લિમોએ કોંગ્રેસને મતો આપ્યા નથી. મુસ્લિમ મતોનું વિભાજન થતાં કોંગ્રેસે ભાજપના મતોનું વિભાજન કરવા આંશિક હિન્દુત્વનો સ્વિકાર કર્યો છે.

ગુજરાતના થ્રી-ઇડિયટ્સ ભાજપને હંફાવે છે...

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન સમિતિના સુપ્રિમો હાર્દિક પટેલ સહિતના યુવા નેતાઓ ડોર ટુ ડોર પ્રચારમાં લાગ્યા છે અને પાટીદાર પરિવારોના ઘરમાં જઈને તેમને ૨૫મી ઓગષ્ટની ઘટના યાદ કરાવી એવું કહે છે કે- તમે કોઈને પણ મત આપ્યો ત્યારે આ દિવસની ઘટનાને યાદ કરીને આપજો. પાટીદાર યુવા આંદોલનકારી નેતાઓએ તેમના સમાજમાં ઈમોશનલ બનીને પ્રચાર શરૂ કર્યો છે. હાર્દિક પટેલે જાહેરાત કરી છે કે તે ભાજપ કે કોંગ્રેસ એમ કોઈ પાર્ટીમાં જોડાવાનો નથી પરંતુ ભાજપની સરકાર વિરૂદ્ધમાં પ્રચાર કરવાનો છે. હાર્દિકની સાથે જ મોટા થયેલા આંદોલનકારી ઠાકોર નેતા અલ્પેશ ઠાકોર તો કોંગ્રેસમાં ભળી ગયા છે અને રાહુલ ગાંધીને વારંવાર મળીને માર્ગદર્શન આપે છે. એવી જ રીતે જીગ્નેશ મેવાણી પણ કોંગ્રેસને મદદ કરી રહ્યા છે. આ ત્રણ નેતાઓના કારણે ભાજપને તેની ચૂંટણી સ્ટેટેજીમાં છેલ્લી ઘડી સુધી પરિવર્તન કરવું પડશે તેવું લાગી રહ્યું છે. ભાજપને કોંગ્રેસનો ડર નથી પરંતુ થ્રી ઈડિટ્સની જેવા આ ત્રણેય યુવા નેતાઓનો ડર છે.

સચિવાલયની બ્યુરોક્રેસીમાં બદલાવ આવ્યો...

ગાંધીનગરના સચિવાલયમાં રાજકીય નેતાઓની હાજરી બંધ થઈ છે અને વહીવટી તંત્રની મિટીંગોનો દોર શરૂ થયો છે. કોઈને કોઈ મુદ્દો લઈને વિભાગોની મિટીંગો એ રોજની આદત બની ચૂકી છે. સરકારના વિભાગોમાં દિવાલ પર ટિંગાળેલા એલસીડી ટીવી મારફતે ઉચ્ચ અધિકારીઓ ચૂંટણીની માહિતી લઈ રહ્યાં છે. સચિવાલયમાં હવે મુલાકાતીઓની હાજરી પણ ઓછી થઈ છે. મંત્રીમંડળના સભ્યો અને તેમનો અંગત સ્ટાફ ચૂંટણી પ્રચારમાં ગળાડૂબ છે ત્યારે સેક્રેટરીઓ મિટીંગ સિવાય હળવાફુલ છે. હાલ સૌથી વધુ કામ કરતા અધિકારીઓમાં ચીફ સેક્રેટેરી જે.એન.સિંઘ, મહેસૂલ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટેરી પંકજકુમાર, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અનિલ મુકીમ અને પ્રવાસન વિભાગના પ્રિન્સિપલ સેક્રેટેરી એસ.જે.હૈદર છે કે જેઓ તેમના વિભાગોની ફાઈલો તેમજ અધુરાં પ્રોજેક્ટ પુરાં કરી રહ્યાં છે. સરકારના પેન્ડીંગ કામોનો નિકાલ કરવાની જવાબદારી આ અધિકારીઓની છે. આ ઉપરાંત શહેરી વિકાસ વિભાગ, ઉર્જા વિભાગ, આરોગ્ય વિભાગ અને પંચાયત વિભાગના અધિકારીઓ પાસે વહીવટી કામગીરી છે. જો કે સામાન્ય વહીવટ વિભાગને પણ આ સમયમાં સૌથી વધુ કામગીરી કરવાની રહે છે, કારણ કે આ વિભાગનો થોડો ભાગ ચૂંટણી પ્રક્રિયાની કામગીરીમાં સામેલ છે.

પ્રવાસન વિભાગ તેના પ્રોજેક્ટમાં ગળાડૂબ...

સચિવાલયના પ્રવાસન વિભાગ અને તેને સંલગ્ન પ્રવાસન નિગમમાં હંમેશા ધમધમાટ રહે છે. પબ્લિક સાથે સીધું નહીં સંકળાયેલું આ ડિપાર્ટમેન્ટ પ્રવાસનના અધુરાં પ્રોજેક્ટને પૂર્ણ કરવા મથી રહ્યું છે. ગુજરાતમાં યોજાઈ રહેલા ફેલ્ટીવલ પર પણ આ વિભાગ ધ્યાન કેન્દ્રીત કરે છે. હાલ કચ્છમાં રણોત્સવ ચાલી રહ્યો છે ત્યારે પ્રવાસનની નજર કચ્છમાં મંડરાયેલી છે. આ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટેરી એસ.જે.હૈદર તેમની કામગીરી રજા લિધા વિના ૧૦ થી ૧૨ કલાક સુધી નિભાવે છે. નવી ચૂંટાયેલી સરકારમાં તેમનું કામ હજી વધી શકે છે, કારણ કે ગુજરાત સરકારે ટુરિઝમ પર વધારે ધ્યાન આપ્યું છે. હાલ ગુજરાતમાં ચૂંટણી હોવાથી ઈલેક્શન ટુરિઝમનો ક્રેઝ શરૂ થયો છે. વિદેશી મહેમાનો ગુજરાત આવી રહ્યાં છે. ૨૦૧૪ની લોકસભામાં ઈલેક્શન ટુરિઝમ હેઠળ ૧૦ હજારથી વધુ એનઆઈઆઈ ગુજરાતમાં આવ્યા હતા અને ચૂંટણી પ્રક્રિયાને નિહાળી હતી. ટુરિઝમ વિભાગે હવે વોટર સ્પોર્ટ્સ અને બીચ ટુરિઝમ પર વધારે ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પ્રવાસન વિભાગે ૨૦૧૮-૧૯ના બજેટની કામગીરી અત્યારથી જ શરૂ કરી દીધી છે. વિભાગને લગતી નવી યોજનાઓ તૈયાર કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

અનિલ મુકીમ ડેપ્યુટેશન પર હવે દિલ્હી જશે...

ગુજરાતના સિનિયર મોસ્ટ અધિકારીઓ ડેપ્યુટેશન પર દિલ્હીની વાટે છે. મુખ્યમંત્રી ઓફિસમાં કામ કરતા પ્રિન્સિપલ સેક્રેટરી એસ.અપર્ણા અમેરિકા ગયા પછી હવે નાણા વિભાગના અધિક મુખ્યસચિવ અનિલ મુકીમ પણ ડેપ્યુટેશન માટે દિલ્હી જઈ રહ્યાં છે. મુકીમનું એમ્પેલમેન્ટ થઈ ગયું છે અને હવે કેન્દ્રમાંથી આદેશ થાય અને ગુજરાત સરકાર તેમને દિલ્હી જવા મુક્ત કરે એટલી વાર છે. સંભવ છે કે તેઓ ડિસેમ્બર અથવા તો નવી સરકારની રચના પછી દિલ્હી જઈ શકે છે. સચિવાલયના સૂત્રો કહે છે કે અનિલ મુકીમને દિલ્હીમાં મહત્વનો હોદ્દો મળી શકે છે. આ જ અરસામાં જો ગુજરાતનું પરિણામ ભાજપ તરફી આવ્યું તો હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે.કૈલાસનાથન પણ દિલ્હી જઈ રહ્યાં છે. તેમણે ગુજરાતમાં રહીને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં જે કામગીરી કરી હતી તે તેઓ હવે દિલ્હી જઈને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે કામગીરી કરશે. ગુજરાતમાં નવી સરકારને ઈન્ડસ્ટ્રી અને ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં નવા અધિક મુખ્ય સચિવની નિમણૂક કરવી પડશે, કારણ કે ઈન્ડસ્ટ્રીમાં ફરજ બજાવતા એમ.કે.દાસ મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે નિયુક્ત થયેલા છે અને આ વિભાગમાં હાલ તેઓ વધારાનો હવાલો ધરાવે છે.